ક્રમાંક:ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૦૫૪૮

અગત્યનું/ By-Email

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. ૨૪/૦૬/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય : કોવિડ-૧૯ કોરોના મહામારીને કારણે શાળાઓનો સમય અને શૈક્ષણિક સ્ટાફની શાળાઓમાં હાજરી બાબત.

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક, તા.૦૫/૦૬/૨૦૨૦

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૦૦૪૨-૭૫, તા.૦૬/૦૬/૨૦૨૦

(૩) ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની તા.૧૫/૦૬/૨૦૨૦ ની રજૂઆત

ઉપરોક્ત વિષય પરત્વેના શિક્ષણ વિભાગના તા.૦૫/૦૬/૨૦૨૦ ના ઠરાવની સૂચના નં. (૧) માં રાજ્યની તમામ શાળાઓમાં પ્રવેશ આપવાની કામગીરી, વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક પુરી પાડવાની તથા અન્ય આનુષાંગિક કામગીરી માટે આવશ્યક શિક્ષકોને મુખ્યશિક્ષક/આચાર્યશ્રીએ જરૂરિયાત મુજબ શાળામાં હાજર રાખવા તેમજ કયા શિક્ષકે શાળામાં ક્યારે હાજર રહેવું તે બાબતમાં ઠરાવ અંતર્ગત સૂચન આપેલ છે. સદર ઠરાવની અમલવારી માટે સંદર્ભદર્શિત પત્ર (૨) થી અત્રેની કચેરી દ્વારા જણાવવામાં પણ આવેલ છે.

પરંતુ, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની તા.૧૫/૦૬/૨૦૨૦ ની રજૂઆત ધ્યાને લેતાં જણાય છે કે, કેટલીક શાળાઓ તમામ સ્ટાફને રોજ શાળાએ હાજર રહેવાનો આગ્રહ રાખે છે,તો શિક્ષણ વિભાગના તા.૦૫/૦૬/૨૦૨૦ ના ઠરાવનું યોગ્ય રીતે પાલન થાય તે માટે આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં આપની કક્ષાએથી જરૂરી પરિપત્ર કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્રોની નકલ.

પત્રક્રમાંક; આવિ.ર 2020/10975-11575

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા જિલ્લા પાલનપુર
તા. ૨૫/૬/૨૦૨૦

ઉકત પત્ર બાબતે જરૂરી કાર્યવાહી કરવાની રાખશો.

જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

નકલ રવાના જાણ તેમજ અમલવારી સારૂ:-
પ્રતિ, આચાર્યશ્રી તમામ, સરકારી/બિનસરકારી/ નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ
બનાસ. જિ. જિલ્લો

Scanned with CamScanner

- પ્રતિ. શિ.નિ.શ્રી સદર કચેરી તરફ -

- પ્રતિ, મા.શિ.નિ.શ્રીઓ તમામ સદર કચેરી તરફ

- તમારા તાબામાં આવતી તમામ શાળાઓને તાકીદ કરવાનું રાખશો.

Scanned with CamScanner